।। સનાતન પરમો ધર્મ।।

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડિયા

પ્રચાર પ્રસાર

જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

સં - ૨૦૭૯ | ફાગણ વદ - ૦૩ | શુક્રવાર | તા.: ૧૦.૦૩.૨૦૨૩ | SDP No. : 1051 | Mob.: +91 7801877774, +91 7718977774 | sanatandharmpatrika@gmail.com

ગુજરાત ખંડ માં સનાતની ગૌરવનો શંખનાદ આનં બાન શાન સાથે થયો વડોદરાથી શુભારંભ

ગત રોજ વડોદરા પાસે તા.૯-૩-૨૦૨૩ ના રોજ દાદા ભગવાન ત્રિમંદિર વરણામા ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મધ્ય ગુજરાત ઝોન - વડોદરા વિભાગ દ્વારા વિભાગીય પ્રમુખશ્રી ધીરૂભાઈ મુળજીભાઇ હળપાણીના અધ્યક્ષ સ્થાને તેમજ મહામંત્રી મણિલાલ રાજારામ પોકાર અને ખજાનચી વીરજીભાઈ નાનજીભાઈ ગોરાણીની ટીમે સનાતનની ગૌરવ શંખનાદ યાત્રાનું સફળ આયોજન કરેલ. જેમાં ઝોન પ્રમુખશ્રી ધરમશીભાઈ કેસરાણી
મહામંત્રી ભરતભાઈ લીંબાણી ઝોન મહિલા પ્રમુખ ચંદ્રિકાબેન ચૌધરી,
મહિલાસંઘ ઝોન મહામંત્રી સંગીતાબેન પોકાર,
તેમજ કેન્દ્રીય સમાજના આગેવાનો જેવા કે ડોક્ટર પ્રેમજીભાઈ ધોધારી શ્રીસમાજના ટ્રસ્ટીશ્રી,
રમેશભાઈ પારસીયા શ્રીસમાજ શતાબ્દી મહોત્સવ વાઇસ ચેરમેન,
ભાણજીભાઈ ઉપપ્રમુખ શ્રીસમાજ,
કાંતિભાઈ રવાણી શ્રીસમાજ ખંડ પ્રભારી,
અમૃતભાઈ નાકરાણી સહ પ્રભારી,

યુવાસંઘ કાઉન્સિલ ચેરમેન ડોક્ટર વિપુલભાઈ છાભૈયા, મધ્ય ગુજરાત ઝોન ન્યાય

સમિતિ મહામંત્રી ભવનભાઈ વાઘડિયા તેમજ સરદાર પટેલ રીજીયન મગનભાઈ ઠાકરાણી, ભાવેશ પોકાર વિભાગીય સેક્રેટરી સુરેશ રંગાણી, રીજીયન સેક્રેટરી,

કેન્દ્રિય મહીલાસંઘ ઉપપ્રમુખ ગંગાબેન ધોળું,

કેન્દ્રિય મહીલાસંઘ મહામંત્રી રમીલાબેન રવાણી, આણંદ વિભાગીય પ્રમુખ

હરિભાઈ ધોળું, મધ્ય ગુજરાત ઝોન પ્રવક્તા અમૃતભાઈ માંકાણી અને બહુજ મોટી સંખ્યામાં જ્ઞાતિ બંધુ ઉપસ્થિત રહેલ.

પ્રથમ મહેમાનોનું સ્વાગત પરંપરાગત રીતે પુષ્પ આપી તેમજ તિલક લગાવી અને શંખનાદ સાથે કરવામાં આવેલ. ત્યારબાદ શ્રીસમાજ દ્વારા આપવામાં આવેલ ગાઈડલાઈન પ્રમાણે આવનાર પ્રસંગોમાં અનુસંધાનમાં જુદી જુદી વિડિયો ક્લિપો બતાવવામાં આવેલ અને તે અંગે શ્રીસમાજ દ્વારા ઉપસ્થિત રહેલ મહાનુભાવોએ તેમના વિષે છણાવટ કરેલ. તેમજ અધ્યક્ષ સ્થાને ધીરૂભાઈ મૂળજીભાઈ હળપાણીએ વિભાગ વિષે વિસ્તૃત માહિતી આપેલ. આ વિભાગમાં ટોટલ 21 સમાજો આવેલ છે, તેમજ આ વિભાગ દ્વારા કેટલાક ઘણા વર્ષોથી ભેગા મળીને સમૂહ લગ્નનું સફળ આયોજન થાય છે. તેમજ વિભાગ દ્વારા કરવામાં આવતી ખેલ કુદ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ અંગે

સનાતની શતાબ્દી મહોત્સવ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ મધ્ય ગુજરાત ઝોન વડોદરા વિભાગ ના આંગણે આગોતરા આમંત્રણ

સભાને માહિતગાર કરેલ. આવનાર શ્રીસમાજના પ્રસંગમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિબંધુ હાજર હશે તેવી બાહેધરી આપેલ તેમજ ભુજ ખાતેના ભૂમિદાન અને રદી સે સમૃદ્ધિ ને સફળ બનાવવા આહવાન કરેલ, સંપૂર્ણ કાર્યક્રમનું સફળ સંચાલન વિભાગીય મહામંત્રી મણિલાલ રાજારામ પોકાર તેમજ મધ્ય ગુજરાત ઝોન મહામંત્રી ભરતભાઈ લીંબાણીએ કરેલ અને અંત માં આભાર વિધિ રીજીયન ચીફ સેક્રેટરી યુવાસંઘ સુરેશ રંગાણીએ કરેલ. અંતમાં રાષ્ટ્ર ગીત ગાઇ સભા પૂર્ણ કરેલ અને ભોજન લઇ છુંટા પડેલ

ખંડ સહ પ્રભારી
અમરતભાઇ નાકરાણી

પશ્ચિમ બંગાળના, બાંકુડામાં કાર શ્રૃંગાર દુકાનમાં ભિષણ આગ લાગતા લાખોનું નુકશાન.

(કચ્છ માં વિથોણ નાં સમાણી પરીવાર ની ઘટના)

શ્રી.ક.ક.પા સમાજ, બાંકુડા પશ્ચિમ બંગાળ, ના સભ્ય કાન્તિભાઈ મુળજીભાઈ સામાણી (કચ્છમાં વિથોણ) નાં વ્યવસાયિક પ્રતિષ્ઠાન – જનની કાર શ્રૃંગાર, તા.૭.૩.૨૦૨૩ ના રાત્રે ૮ .૦૦ કલાકે દુકાનમાં ભયંકર આગ લાગી જતાં પુરો માલ આગની જવાળાઓ માં ખાક થયેલ.

પ્રાથમિક જાણ મુજબ આજનું કારણ ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવા જાણ થાય છે. આગ

આગમાં સ્વાહા થઈ ગયેલ કારની શૃંગાર નો શો રૂમ

એટલી ભયંકર હતી કે તેને કાબૂ કરવા માટે ફાયર બ્રિગેડ (દમકલ) ના બે ગાડી સાથે ૩ કલાક સુધી પ્રયાસ થયો પણ કોઈ પણ માલ ને બચાવી શકાયો નહિ. સદભાગ્યે જાન હાની થયેલ નથી. અંદાજિત ૨૫- ૩૦ લાખ ના નુકશાનનો અંદાઝ ધ્યાને સ્થિતિ ને જોઈ ને કરી શકાય.

અણધારી આફતમાં કરછ ન્યુજ એક માધ્યમ દ્વારા અનોખી તત્કાલીન મદદની અનોખી સેવા

સહજ જીવન માં મીડિયાનો ઉપયોગ અને સદઉપયોગ બને થાય છે તેમાં સદઉપયોગ કરી કોઈના જીવન માં આપત્તિ વેળા અડીખમ ઊભા રહેવાનો પ્રયાસ પણ થઈ શકે છે..

આજે આપણે જોઈએ છીએ ક્યારેક એવી અણધારી આફત આવી પડે છે જેમ કે દુઃખદ અને ખર્ચાળ બિમારી, અણધાર્યા અકસ્માત આવે છે. ત્યારે કોઈને ખબર નથી હોતી હવે શું કરવું અને શું ના કરવું. અંગત સ્નેહીઓ પણ વિમાસણ માં આવી જાય કે જરૂરિયાત એવી હોય છે કે તેઓ પણ અસમર્થ હોય છે..આપણામાં ઘણા પરિવારો નબળી પરિસ્થિતિ માં પસાર થઈ રહ્યા છે. જેમના માટે આ સમય ડબલ પીડા દાયક બને છે.

ત્યારે આપણા ભાઈઓ માટે કચ્છ ન્યૂઝ એક અનોખા સવિશેષ સોશિયલ મીડિયાનાં માધ્યમથી આપણા ભાઈઓની આકસ્મિક આપદા માં ત્વરિત મદદ કરી શકે છે.

જેમને અણધારી પરીવારમાં તકલીફ આવી હોય એમની ઉમર વધીને 50 વર્ષ હોવી જોઈએ જો કોઈ ભાઈ બહેનને જરૂરિયાત જેવું લાગેતો તેઓ કચ્છ ન્યૂઝના કોઈ પણ એડમીન ને વાત કરી શકે છે. જો યોગ્ય જણાશે તો કચ્છ ન્યૂઝ ટીમ એક પરિવારની જેમ આપણા ભાઈઓની મદદ માટે જરૂર સાથે રહેશે અને કાર્ય પરિપૂર્ણ કરે છે.

માં ઉમિયા ના આશીર્વાદ સાથે માં પાસે પ્રાર્થના કરીએ. કોઈને ખરાબ દિવસ જ ના બતાવે, એવી અરજી કરીએ પરંતુ કાળ ક્યારે શું કરે તે ખબર હોતી નથી. આવા સમયે આપણો બેલી બની ને ઉભા રહે તેવા આ કચ્છ ન્યુઝ નું સોશિયલ મીડિયા નું માહિતી આદાન પ્રદાન નિશુલ્ક સેવા સાથે કરનાર ટીમ.
કચ્છ ન્યૂઝ એક ગ્રુપ નથી....
કચ્છ ન્યૂઝ એક પરિવાર છે....

પરીવાર ની આપત્તિ પોતાની આપત્તિ સમજી એમની આવેલ રાહત ની અપીલ ને તેના ગ્રૂપ માંથી જરૂરિયાત ની રકમ નવા લેટેસ્ટ માધ્યમ ની એપ થી કે અને બેંક ખાતાઓ માં આવી જાય છે..

આવી અદ્દભુત સેવા નો વિશ્વાસ જીતવો કાઈ નાની શુની વાત નથી .કહેવાય ને ટીપે ટીપે સરોવર ભરાય તેનો ઉત્તમ દાખલો આ કચ્છ ન્યુઝ ગ્રુપ નાં તમામ સદસ્યો ની સદભાવના નો ઉત્તમ દાખલો છે..

સહુ નોધ લેશો..

અભિનદન કચ્છ ન્યુઝ નાં
તમામ કાર્યકરો ને અભિનદન..

મહિલા મંડળ ઉડુપી નો બે દિવસનો પ્રવાસ

ગત તા. 03.03.23 ને શુક્રવાર ના રાત્રે દશ વાગ્યે ઉડપી થી મિની બસમાં અઢાર બહેનો જે લગભગ પચાસ ઊપરની હતી અને સાથે સહયોગ માટે બે વડિલો હતા આ વીસ સભ્યો રાત્રીનાં મુશાફરી કરીને સવારમાં સાડાચાર વાગ્યે મુનગોડ મુકામે આપણાં ભાઈ કાંતિલાલ રતનશીભાઈ ચૌહાણ ખોભડીના તેમના પરિવારને ત્યાં પહોંચી ગયા હતા અને બે કલાક આરામ કર્યા બાદ નાવણ ધોવણ કરી ત્યા જ નાસ્તો ચાય પાણી કરીને સાડા આઠ વાગ્યે મુનગોડ તથા હુબલીની વચ્ચે અગાડી તોટા નામનો રિસોર્ટ આવેલો છે જે બહુજ વિશાળ જંગલમાં બનાવ્યો છે જેમાં બધું લગભગ જુની ઢબના મકાનો માટીના વાસણમાં જમવાનું બનાવવું બળદ ગાડા ની સવારી શેરડીનો રસ લાકડાંના મશીન મા જાતે પીલીને આનંદ લ્યો બપોરે જમ્યા બાદ આરામ કરવા નળીયા વાળા સુંદર મજાના ઘરોમાં આરામ થી સુઈ જાવ નેચરલ એસી નો અનુભવ થાય. પૂરેપૂરો ગામડાંઓનો અનુભવ થાય કર્ણાટક કલ્ચર પ્રમાણે આ બધું જ વ્યક્તિ દીઠ સાતસો રૂપિયા મા સવારના નવ થી સાંજે છ વાગ્યા સુધી મા નાસ્તો ચાય કોફી જ્યુસ જમવાનું રમત ગમતના ભરપૂર સાધનો અલગ અલગ ઘણી બધી આઈટમો છે આ બધું માણી ને રાત્રીનો મુકામ વળી ચૌહાણ પરિવારને ત્યાં જ હતો આ પરિવારે પણ બહુજ આગતા સ્વાગતા કરી હતી મહિલાઓ એ પણ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો બીજા દિવસે સવારે ચાય પાણી નાસ્તો કરી ને મુનગોડની બાજુમાં દલાઈ લામા વાળાનું ગામ વસેલું છે ત્યાં પે ગોંડા વગેરે ના દર્શન નો લાભ લીધો હતો અને ત્યા નો નજારો જોયો હતો અને ત્યાંથી સૌદે ગામ ગયા હતા જ્યા ઉડપી કૃષ્ણ મંદિર ના આઠ સ્વામી છે તેમના એક સ્વામીને ત્યા ગયા તેમને મળ્યા દર્શન કર્યા આશિર્વાદ લીધા અને બપોરના ત્યા જ જમ્યા હતાં ત્યાંથી શીરશી ગામ ગયા ત્યા મારિકા અંબાનુ (માતાજી) નું પ્રખ્યાત અને ભવ્ય મંદિર છે માતાજી ના દર્શન સાથે આશિર્વાદ લઈ ને થોડા આગળ જાવ પછી જંગલમાં એક નદી છે તે નદીમાં શિવલિંગ ટાઈપ ના હજારો પથ્થરો જોવા મળે છે ઘણાં બધાં માણસો જોવા જાય છે તેનો પણ લાભ લીધો અને કુદરતી વાતાવરણમાં ફોટા લેવા નો પણ આનંદ લીધો અને ત્યાંથી નીકળીને વચ્ચે પછાડના કુમટા ગામમાં ચાય પાણી નાસ્તો કરીને લગભગ રાત્રે સાડા નવ વાગ્યે ઉડપી હેમખેમ પહોંચી આવ્યા હતા સૌને ખૂબજ આનંદ આવ્યો હતો અને સૌ હર્ષોલ્લાસથી છૂટા પડ્યા અને પોત પોતાના ઘરે ગયા હતા.

મહિલા મંડળ, માલેગાંવ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના કાર્યક્રમનું આયોજન.

તા.08/03/2023 ના રોજ માલેગાંવ મહિલા મંડળ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતેનું આયોજન સમાજ વાડીનાં પ્રાંગણમાં કરવામાં આવેલ.

જેમાં સર્વ પ્રથમ મહિલા મંડળના પ્રમુખશ્રી તેમજ મહામંત્રી દ્વારા પધારેલા સર્વ મહિલાઓને કુમકુમ તિલક કરી આવકારવામાં આવેલ અને સમાજની સર્વે નાની મોટી બહેનોએ

માલેગામની નારી શક્તિ દ્વારા સ્વયમની ઓળખ માટેનો કાર્યક્રમ

બહોળી સંખ્યામાં હાજર રહીને નાસ્તા અને રમત ગમતનો આનંદ લઈને પ્રોગ્રામને સફળ બનાવેલ હતો.

યુવાસંઘ,મધ્ય મહારાષ્ટ્ર રીજીયન.
નાસિક વિભાગ.

ઉમાનંદન મહિલા મંડળ - નડિયાદ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે આયોજન

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - મંજીપુરા, નડિયાદ પ્રેરિત ઉમાનંદન મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હેમલતાબેન ચીમનભાઈ લીંબાણી અને મહામંત્રી ચંદાબેન કિશોરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને થી ઉમાનંદન મહિલા મંડળ દ્વારા તારીખ: ૦૫-૦૩-૨૦૨૩, રવિવાર ના રોજ ખૂબ જ ઉત્સાહભેર મહિલા દિન ઉજવવામાં આવ્યો. જણાવાયું કે હર કોઈ મહિલા સંગઠન એક શક્તિપીઠ છે.

સૌપ્રથમ સર્વે મહિલા શક્તિનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ મહિલા મંડળમાં ૬૫ વર્ષથી ઉપરની માતૃશ્રીઓનું સ્થાનગ્રહણ કરવામાં આવ્યું અને વડીલ માતૃશ્રીઓનું માનભેર સન્માન કરવામાં આવ્યું હતું.

તેમજ માતૃશ્રીઓની સમુહ આરતી

વિશ્વ મહિલા દિન નિમિતે આદરણીય વડીલ માતાઓ નું સ્વાગત સન્માન સાથે સમાજીક વ્યવસ્થામાં આવનાર પ્રસંગ નું આયોજન અંગે માહિતી અને આગોતરું આમંત્રણ

કરવામાં આવી હતી.

ત્યારબાદ વડીલ માતાના સન્માનના દાતાશ્રી વિમળાબેન કાંતિભાઈ પોકાર અને ભગવતીબેન હર્ષદભાઈ લીંબાણીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ મહિલા મંડળ કારોબારી બહેનો દ્વારા સરપ્રાઈઝ અવનવી રમતો રમાડવામાં આવી હતી અને ખુબ જ આનંદ મેળવ્યો હતો તેમજ વિવિધ રમતોમાં વિજેતા થયેલ બહેનોનું ઈનામ આપી સન્માનિત કર્યા હતા.

અંતમાં મહિલા મંડળ મહામંત્રી શ્રીમતી ચંદ્રિકાબેન કિશોરભાઈ ચૌધરી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

સૌ ભેગા મળી રાષ્ટ્રગાન કરવામાં આવ્યું. સર્વે મહિલા મંડળ અલ્પાહાર લઈ આનંદભેર છુટા પડેલ.આભાર.

મહામંત્રીશ્રી પુરૂષોત્તમભાઈ વાસાણી,
(નડિયાદ સમાજ મહામંત્રી)
સુંદર રમેશ ભાઇ

કલોલ માં ક્રિકેટ ટુર્નામેન્ટ - (UGR)





શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવા મંડળ કલોલ દ્વારા એક દિવસીય હરિહર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ નું સુંદર આયોજન કરવામાં આવેલ,

ગત્ તા, ૮/૩/૨૦૨૩ ને બુધવાર ના સવારે ૭,૩૦ કલાકે ફૂલ ગુલાબી વાતાવરણમાં સમાજના પ્રમુખ અને મંત્રી ને તેમની ટીમ સાથે દીપ પ્રાગટ્ય કરી ઓપનિંગ શેરેમની કલોલ સમાજ મહિલા મંડળ યુવા મંડળ યુવતી મંડળ અને બાળકોની હાજરીમાં કરવામાં આવી ત્યારબાદ રાષ્ટ્રગાન કરી હરિહર પ્રીમિયર લીગની શરૂઆત કરવામાં આવી,

આ ટુર્નામેન્ટ નો હેતુ માત્ર સમાજની મિત્રતા પ્રેમ અને અખંડતા છે જેમાં નાના બાળકોથી લઈને મોટા વડીલોને યુવતી મંડળે પણ ભાગ લીધેલ હતો,

ટુર્નામેન્ટ માં કુલ ૧૪ ટીમે ભાગ લીધેલ હતો તેમાં નાના બાળકોની બે ટીમ મહિલા મંડળની બે ટીમ સિનિયર સિટીઝન ની બે ટીમ યુવા મંડળ ની આઠ ટીમ એમ ટોટલ ૧૪ ટીમો દ્વારા દરેક ટીમોને સાત ઓવરને ફાઈનલ દસ ઓવર રમાડવામાં આવી હતી,

કલોલ યુવા મંડળ દ્વારા આમંત્રણ ને માન આપી હરિહર પ્રીમિયર લીગ ટુર્નામેન્ટ જોવા પધારેલ ઉત્તર ગુજરાત ઝોન સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ હળપાણી કેન્દ્રીય પ્રતિનિધિ દિનેશભાઈ મૈયાતને તેમની ટીમને સાથે ઉત્તર ગુજરાત રીજીયન માંથી આમંત્રણને માન આપી પધારેલ ચેરમેન ચંદ્રકાંત પોકાર સેક્રેટરી મેહુલ રંગાણી રીજીયન સલાહકાર નવીન પોકાર અને દિનેશ પોકાર રમત ગમત સમિતિના કન્વીનર કુણાલ લીંબાણી, હિરેન મૈયાત રીજીયન પ્રવક્તા ભરત લીંબાણી ટુર્નામેન્ટ માં આવી ટુર્નામેન્ટની શોભા વધારેલ

હરિહર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ભાગ લેનાર ૧૪ ટીમો દ્વારા વિજેતા ટીમોને ટ્રોફી આપવામાં આવી હતી. યુવા મંડળની આઠ ટીમો માંથી બે ફાઇનલ ટીમમાં રનર્સ અપ ટીમ બજરંગ ટાઇટન્સ ટીમ તથા વિનિંગ ટીમ લાવીજન રાઈડર્સ ટીમ બની હતી વિજેતા ટીમને ટ્રોફી એનાયત કરવા માટે સમાજના પ્રમુખને યુવા મંડળના પ્રમુખ દ્વારા ટ્રોફી આપવામાં આવી હતી ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે અને મેચ જોનાર દર્શકોને જુસ્સો વધારવા માટે કોમેન્ટ્રી બોક્સ માં યુવા મિત્રો દ્વારા જગદીશ નાકરાણી અને નીતિન નાકરાણી તેમજ વિશાલ લિંબાણી અને તેમની સાથે યુવતી મંડળમાંથી બીનાબેન સાંખલા એ પણ સાથે કોમેન્ટ્રી કરી દર્શકોને મનોરંજન પૂરું પાડેલ હતું,

મેચને અંતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ની ઉજવણીમાં ડીજેના તાલે સમાજની મહિલા મંડળ યુવતી મંડળ ને દરેક નાના-મોટા સૌ લોકો પુરા જોશને ઉમંગની સાથે મન મૂકીને નાના-મોટા સૌ વિવિધ રંગો દ્વારા ધૂળેટીની મોજ માણીને એકબીજાને રંગ લગાવ્યો હતો ને મહિલા દિવસ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવેલ ને સૌ સાથે જમી ને છુટા પડેલ,,,,...

(PRO – Uttar Gujarat Region)
ભરત લિંબાણી

શિશુની કાળજી ખુબ જરૂરી

નવજાત શિશુમાં ઈન્ફેક્શન થવાનો ખતરો ખુબ વધારે રહેછે. આ શિશુની કાળજી સારી રીતે સાવધાનીપુર્વક કરવાની જરૂર હોય છે. તબીબોની સલાહ મુજબ જ આગળ વધવામાં આવેતે જરૂરી છે. કારણ કે કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શન હોવાની સ્થિતીમાં શિશુના થવાનો ખતરો વધી જાય છે. જેથી માતા દ્વારા શિશુની કાળજી સારી રીતે જરૂરી બને છે.તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો ઓરેપ્ડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. નવજાત શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખુબ ઓછી રહે છે. આવા બાળકોને ખુબજ સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં ઘણી મોટી સંખ્યામાં મહિલાઓનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે. પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોનાં મોતનો આંકડો પણ ઓછો નથી.

બન્ને દેશના વડાએ કેપ્ટન સાથે આપી 'વિક્ટરી સાઈન': મોદી-એન્થની એકબીજાને ઉષ્માભેર ગળે ભેટ્યા

મેચ શરૂ થાય તે પહેલાં યોજાયેલા કાર્યક્રમમાં બન્ને દેશના વડાઓએ પોતપોતાના દેશની ટીમના કેપ્ટન સાથે ઉષ્માભરી મુલાકાત કરી હતી. આ વેળાએ બન્ને વડાઓ તેમજ બન્ને કેપ્ટનોએ એકબીજાનો હાથ પકડીને 'વિક્ટરી સાઈન' આપી હતી. આ ઉપરાંત એન્થની અલ્બાનીઝ જ્યારે સ્ટેડિયમ પર પહોંચ્યા ત્યારે મોદીએ તેમને ઉષ્માભેર ગળે મળીને તેમનું સ્વાગત કર્યું હતું. આ ઉપરાંત બન્ને વડાપ્રધાનોએ કેપ્ટનોને સ્પેશ્યલ ટેસ્ટ કેપ એનાયત કરી હતી.

અવસાન નોધ

સ્વ: હંસરાજભાઈ શીવજીભાઈ પોકાર
ઉમર: 85 વર્ષ
તા: 09/03/2023
કરછમાં ગામ રસલીયા હાલે પણસોરા (ગુજરાત)

H.K. DOORS

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા–દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા–અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪